શ્રી વીતરાગાય નમઃ



# ઉપ્પનેઈવા
# વિગમેઈવા
# ધુવેઈવા

## ગુરુપ્રાણ આગમ બત્રીસી આધારિત પરિચય પુસ્તિકા

૧

## શ્રી આચારાંગ સૂત્ર


આશીર્વાદ

તપસમ્રાટ પૂ. ગુરુદેવ શ્રી રતિલાલજી મ.સા. રાષ્ટ્રસંત પૂ. પરમ ગુરુદેવ શ્રી નમ્રમુનિ મ. સા.

પૂ. શ્રી મુક્ત-લીલમ ગુરુણીદેવા ગુરુણીશ્રી પૂ. વીરમતીબાઈ મ.

આલેખન

– ડૉ. સાધ્વી આરતી – સાધ્વી સુબોધિકા

# અનંત ઉપકારી તપસમ્રાટ પૂજ્ય ગુરુદેવ
# શ્રી રતિલાલજી મહારાજ સાહેબ

25th
પુણ્યસ્મૃતિ
ઉપલક્ષ

25th
પુણ્યસ્મૃતિ
ઉપલક્ષ

**અહો ગુરુદેવ!**

**આપની આજ્ઞા સહ પરમ કૃપાએ**
**સાકાર પામેલી ગુરુ પ્રાણ**
**આગમ બત્રીસી આધારિત**
**આગમ પરિચય પુસ્તિકાઓ કૃતજ્ઞભાવે**
**આપના કરકમલમાં અર્પણ... સમર્પણ...**

# શ્રી આચારાંગસૂત્ર

શ્રી આચારાંગ સૂત્ર બાર અંગ સૂત્રોમાં પ્રથમ અંગ સૂત્ર છે. आचारो प्रथमो धर्मः । આચાર પ્રધાન જૈન ધર્મમાં આચારાંગસૂત્રની પ્રધાનતા છે. આત્મશુદ્ધિ માટે આચારશુદ્ધિ, આચારશુદ્ધિ માટે વિચારશુદ્ધિ અને વિચારશુદ્ધિ માટે સમ્યગ્જ્ઞાન જરૂરી છે.

શ્રી આચારાંગસૂત્ર જ્ઞાનાચાર, દર્શનાચાર, ચારિત્રાચાર, તપાચાર અને વીર્યાચાર, આ પંચાચારની શુદ્ધિ માટેના ઉપાયો સમગ્રપણે પ્રગટ કરે છે.

તેના બે શ્રુતસ્કંધ–બે મુખ્ય વિભાગ છે. પ્રથમ વિભાગનું નામ **'બ્રહ્મચર્ય–અધ્યયન છે.'** તેમાં નવ અધ્યયન છે. બીજા વિભાગનું નામ **'આચાર ચૂલા'** છે. તેના સોળ અધ્યયન છે.

## અધ્યયન – ૧ : શસ્ત્ર પરિજ્ઞા

આ અધ્યયનમાં જીવોનાં જીવત્વની સિદ્ધિ તથા મોક્ષમાર્ગના મૂળભૂત સૂક્ષ્મતમ અહિંસાનું વર્ણન છે. તેના સાત ઉદ્દેશક છે.

હિંસાના સાધનો દ્રવ્યશસ્ત્ર છે અને આત્મગુણોની ઘાત કરે, તેના પર આવરણ કરે તેવા ક્રોધ, માન, માયા,

લોભ, ઈર્ષ્યા, અસૂયા આદિ મલિન ભાવો ભાવશસ્ત્ર છે. આત્મગુણોનો તથા મલિનભાવો કે અવગુણોને યથાર્થરૂપે જાણીને, અવગુણનો ત્યાગ કરીને, ગુણોનો સ્વીકાર કરવો તે પરિજ્ઞા અર્થાત્ વિવેક છે.

ભગવાન મહાવીરના કથનાનુસાર આ સંપૂર્ણ જગત જીવસૃષ્ટિથી ભરેલું છે. તેમાં વિવિધ ગતિ, જાતિ, ઈન્દ્રિયવાળા જીવો છે. તેમાંથી કેટલાક જીવોની ચેતના પ્રગટ છે અને કેટલાક જીવોની ચેતના અપ્રગટ છે. પૃથ્વી, પાણી, અગ્નિ, વાયુ અને વનસ્પતિના જીવોની ચેતના અપ્રગટ અને અવ્યકત છે. જેમ કોઈ બહેરો, મૂંગો, લૂલો, લંગડો, અંધ પુરુષ પોતાના ભાવોને કોઈ પણ રીતે પ્રગટ કરી શકતો નથી તેમ પૃથ્વી આદિ જીવો દુઃખનો પ્રતિકાર કે પોતાના ભાવોને પ્રગટ કરી શકતા નથી, તેઓ હલન ચલન કરી શકતા નથી તેમ છતાં તે જીવો આપણી સમાન છે. તે જીવો પોતાના કર્મને ભોગવી રહ્યા છે.

ઈયળ, કીડી, મંકોડા, માખી, મચ્છર, પશુ, પક્ષી, નારકી, દેવ–દાનવ, માનવ આદિ જીવોની ચેતના પ્રગટ છે. તે જીવો પોતાના સુખ માટે અને દુઃખથી દૂર થવા માટે પોતાની શકિત પ્રમાણે પુરુષાર્થ કરે છે. આ રીતે સમગ્ર જીવ સૃષ્ટિ પોતાના કર્મને આધીન છે.

જગતના જીવો સમ્યગ્જ્ઞાનના અભાવે જીવન જીવવા માટે, માન-સન્માન માટે, દુઃખથી કે રોગથી મુકત થવા માટે, ઈચ્છાપૂર્તિ માટે તથા પૂર્વના વેરનો બદલો લેવા માટે આદિ વિવિધ કારણોથી એક જીવ બીજા જીવોની હિંસા કરીને પરસ્પર વેરની પરંપરા વધારે છે અને પોતે પોતાના આત્મગુણોની ઘાત કરીને ભવભ્રમણમાં ભમ્યા કરે છે.

આચારશુદ્ધિ માટે હિંસક ભાવોને છોડીને સર્વ જીવોને આત્મસમાન જાણીને તેની સાથે મૈત્રીભાવે વ્યવહાર કરવો તે જ શસ્ત્ર પરિજ્ઞાનો સાર છે અને તે જ પ્રભુ મહાવીરનો સંદેશ છે.

## અધ્યયન - ૨ : લોક વિજય

આ અધ્યયનમાં લોકનું સ્વરૂપ તથા તેના પર વિજય પ્રાપ્ત કરવાના ઉપાયોનું દિગ્દર્શન છે. તેના છ ઉદ્દેશક છે.

લોક એટલે સંસાર. માતા-પિતા, પતિ-પત્ની, ભાઈ-બહેન, સ્વજન-પરિવાર, ભોગવટાના ભૌતિક સાધનો, ધન-સંપતિ વગેરે બાહ્યસંસાર અથવા દ્રવ્યસંસાર કહેવાય છે. તેમાં થતો મમત્વભાવ તથા સુમધુર સ્વર, મનોહર રૂપ, આકર્ષક ગંધ, સ્વાદિષ્ટ ભોજન અને સુંવાળા સ્પર્શ, આ પાંચે ઈન્દ્રિયોના વિષયોનું આકર્ષણ તે

ભાવસંસાર કે ભાવલોક છે. ભાવસંસારથી જ બાહ્યસંસારનું સર્જન થાય છે. બાહ્યસંસારમાં રહેલો જીવ વિષયોમાં મુગ્ધ બની ભાવસંસાર વધારે છે. આ રીતે ભાવસંસારથી દ્રવ્યસંસાર અને દ્રવ્યસંસારથી ભાવસંસાર, આ વિષચક્ર અનાદિ કાલથી ચાલ્યા કરે છે. સંક્ષેપમાં ભાવસંસાર જ જીવને કર્મબંધનથી બાંધીને પરાધીન બનાવે છે.

આ સંસારના પ્રત્યેક પદાર્થો નાશવંત છે. સંબંધો ક્ષણિક હોવાથી અશરણભૂત છે. અજ્ઞાની જીવો તેને કાયમ રાખવા માટે રાત-દિવસ મથ્યા કરે છે, પરંતુ પદાર્થો અને સંબંધો તેના સ્વભાવાનુસાર નાશ પામે જ છે અને અંતે જીવ નિરાશ થઈને દુઃખી થાય છે. આ જ સંસારનું સ્વરૂપ છે. કેટલાક જીવો આ સત્યને સમજીને સંયમમાર્ગનો સ્વીકાર કરે છે પરંતુ તેના પૂર્વના સંસ્કારો જાગૃત થતાં તે જીવ ફરી-ફરી વસ્તુ કે વ્યકિતની આસકિતમાં ફસાઈને, ફરી બાહ્યસંસાર ઊભો કરે છે.

આ પરંપરાનો અંત કરવો હોય, તો તેના બે ઉપાય છે - સદ્‌વિચાર અને સંયમ. જગતના પદાર્થોનો તથા સંબંધોની નશ્વરતાના વિચારોને ઘૂંટી-ઘૂંટીને અંતરમનમાં ઉતારી દેવા અને વિષય-ભોગનું આકર્ષણ છોડીને જીવન સંયમિત બનાવવું. શુદ્ધ વિચારોની દઢતાથી

પદાર્થો પ્રતિ રાગદ્વેષના ભાવો ક્રમશઃ ઘટતા જાય છે.

કાળનો ભરોસો નથી. જીવન ચંચળ છે. સર્વ જીવો મારી જેમ જ સુખને ઈચ્છે છે, દુઃખથી દૂર થવા સતત ઝંખે છે. મારા સુખ માટે બીજા જીવોના સુખને લૂંટી લેવાનો મને અધિકાર નથી. આ સોનેરી સૂત્ર અંતરપટ પર ટંકોત્કીર્ણ થતાં હિંસક ભાવો વિલીન થાય, ક્રોધાદિ કષાયો શાંત થાય, આસકિતનો ભાવ ક્રમશઃ ઘટતો જાય છે. આ માર્ગે જ આગળ વધતા જીવ સંપૂર્ણ સ્વાધીન અને સ્વતંત્ર બની જાય છે. આ જ તેનો લોકવિજય છે.

## અધ્યયન – ૩ : શીતોષ્ણીય

આ અધ્યયનમાં સુખ–દુઃખથી પર એવી સહજ સ્થિતિ પ્રાપ્ત કરવાની સાધનાનું માર્ગદર્શન છે. તેના ચાર ઉદ્દેશક છે.

શીત–ઉષ્ણ બંને વિરોધી લાક્ષણિક શબ્દો છે. શીત–અનુકૂળતા અને ઉષ્ણ–પ્રતિકૂળતાનો બોધ કરાવે છે. પૂર્વકૃત કર્મને આધીન બનેલા સાધકોનું જીવન અનુકૂળતા અને પ્રતિકૂળતાઓથી ભરેલું છે. જીવ માત્ર અનુકૂળતાને ઈચ્છે છે અને પ્રતિકૂળતાનો પ્રતિકાર કરવા પુરુષાર્થ કરે છે. જીવ ગમે તે કરે પરંતુ પોતાના કર્માનુસાર તેને અનુકૂળ કે પ્રતિકૂળ જે સંયોગો પ્રાપ્ત થયા હોય તેનો સ્વીકાર કરવો જ

પડે છે. આવી ક્ષણે-ક્ષણે પલટાતી પરિસ્થિતિમાં મનનું સંતુલન અને ચિત્ત પ્રસન્નતા જાળવી રાખવાના ઉપાયો અહીં બતાવ્યા છે.

આ જગતના કેટલાક જીવો ધર્મ-કર્મના સિદ્ધાંતને કે શાશ્વત સત્યને સમજતા કે સ્વીકારતા નથી. તે જીવોને પોતાના અસ્તિત્વનું, આત્માનું ભાન કે જ્ઞાન નથી, તે તેનું મોટામાં મોટું દુઃખ છે. જ્ઞાનીની દૃષ્ટિમાં તે જીવો હંમેશાં પ્રમાદની નિદ્રામાં સૂતેલા છે. તે જીવો સંસારના સમસ્ત પદાર્થોને ભોગવી લેવાની, પ્રિય સંયોગોને હંમેશાં ટકાવી રાખવાની ઈચ્છા કરે છે. ઈચ્છાપૂર્તિ માટે હિંસા, અસત્ય, ચોરી આદિ પાપસ્થાનનું સેવન કરે છે. આંશિક ઈચ્છાપૂર્તિ થાય, તો પણ તે જીવો સદા ભયભીત રહે છે, પરંતુ ચાલણીમાં પાણી ભરવાની જેમ તેની ઈચ્છાપૂર્તિ કદાપિ થતી નથી. પરિણામે તે જીવો દુઃખી થાય છે.

જયારે તે જીવને પોતાના આત્માનું જ્ઞાન કે ભાન થાય ત્યારે તે ભાવનિદ્રાથી જાગૃત થાય છે. ધર્મ-કર્મના સિદ્ધાંતોને સમજીને, તેને સ્વીકારીને, અપ્રમત્ત બનીને નિર્ભયપણે કે સદાને માટે જાગૃતપણે રહે છે.

વસ્તુ કે વ્યકિતની અપેક્ષા એ જ દુઃખની જનની છે. હે આત્મન્ ! તું જ તારો મિત્ર છે. બીજી વ્યકિત

સાથેની મિત્રતામાં સ્વાર્થ, દગો કે વિશ્વાસઘાત થવાની સંભાવના છે અને તે મિત્રતા ટકતી નથી. તું બીજાની અપેક્ષા રાખીને દુઃખી થાય છે. તું જે ઈચ્છે છે તે તારામાં જ છે. સર્વ પરપદાર્થોનો કે પરવ્યકિતનો સાથ-સંગાથ છોડીને, સુખ-દુઃખની આશા છોડીને એકવાર તું અંતર્મુખ થા. તારી શકિતનો પરિચય કર તો તને તારી સહજ સ્થિતિનો અનુભવ થશે. ત્યાર પછી અહિંસા, સત્ય આદિ એક-એક આત્મગુણોની આરાધના થશે, સર્વ સમસ્યાઓનું સમાધાન થઈ જશે, સંઘર્ષો શમી જશે, શાંતિ અને સમાધિનો અનુભવ થશે. સહજ સ્થિતિ પ્રાપ્ત કરવા માટે મનુષ્યજન્મની વર્તમાન ક્ષણ જ અમૂલ્ય છે તેને તું સફળ બનાવી લે.

## અધ્યયન – ૪ : સમ્યક્ત્વ

આ અધ્યયનમાં આધ્યાત્મિક જીવન સાથે સંબંધિત સત્યનું પ્રતિપાદન છે. તેના ચાર ઉદ્દેશક છે.

વસ્તુનું યથાર્થ જ્ઞાન, યથાર્થ શ્રદ્ધા, તે સત્ય જ સમ્યક્ત્વ છે.

જગતના સૂક્ષ્મ અને સ્થૂલ, સર્વ જીવોને સમ્યક્ પ્રકારે જાણીને તેને હણવા નહીં, તેના પર શાસન ચલાવવું નહી, તેના પર માલિકી ભાવ રાખવો નહીં, પરિતાપિત

કરવા નહીં કે તેના પ્રાણનો નાશ કરવો નહીં, તે અહિંસા છે.

અહિંસાનું ફલક વ્યાપક છે. તેમાં જગતના સમસ્ત જીવોનું હિત, કલ્યાણ અને સ્વતંત્રતા સમાવિષ્ટ છે. તેવો પૂર્ણ અહિંસાધર્મ જ ત્રૈકાલિક સત્ય છે, શુદ્ધ છે, નિત્ય છે, શાશ્વત છે. ત્રણે કાલના તીર્થંકરોએ અહિંસાનો જ ઉપદેશ આપ્યો છે.

અહિંસાની આરાધના માટે સંયમ અને તપની સાધના અનિવાર્ય છે, કારણ કે કોઈ પણ વિષયભોગ હિંસા વિના શકય નથી, તેથી સાધક આ જગતના રંગ-રાગમાં વૈરાગ્યભાવ ધારણ કરે.

૧) આ લોકમાં જે આશ્રવનાં-કર્મબંધનાં સ્થાન છે, તે જ વૃતિના પરિવર્તનથી નિર્જરાના સ્થાન બની જાય છે. જેમ કે - સ્થૂલિભદ્ર રૂપકોશાના રંગ મહેલમાં રહીને પણ તેમાં મુગ્ધ થયા નહીં.

૨) જે નિર્જરાના સ્થાન છે, તે જ વિવેકના અભાવે કર્મબંધનાં સ્થાન બને છે. જેમકે - સુપાત્ર દાનના પ્રસંગે પણ નાગેશ્રી બ્રાહ્મણીએ મલિન ભાવોથી કડવા તુંબડાનું શાક વહોરાવી ઘોર કર્મબંધ કર્યો.

૩) કયારેક જે અનાશ્રવ-સંવરનું સ્થાન છે, ત્યાં પણ

પ્રમાદી વ્યકિત સંવર કે નિર્જરાનો લાભ લઈ શકતી નથી. જેમ કે – સ્વાધ્યાય કે જિનવાણી શ્રવણ આદિ શુભ નિમિતોમાં પણ પ્રમાદી વ્યકિત નિદ્રાધીન બની જાય છે.

૪) કયારેક જે નિર્જરાનું સ્થાન નથી અર્થાત્ સાંસારિક કે શારીરિક પ્રવૃતિઓ કરતાં–કરતાં પણ શાંત ચિત્તવૃત્તિવાળા જીવો કર્મબંધથી દૂર રહે છે. જેમ કે ભોજન કરવું, તે શારીરિક ક્રિયા છે, પરંતુ અનાસકત ભાવે ભોજન કરનાર તજ્જન્ય કર્મ બંધ કરતા નથી.

સંક્ષેપમાં કર્મબંધનો આધાર નિમિત્તો નથી પરંતુ પોતાના ઉપાદાનની શુદ્ધિ કે અશુદ્ધિ અર્થાત્ પોતાના શુભાશુભ ભાવો જ છે.

ઉપાદાનની શુદ્ધિ માટે સાધક માતા–પિતા આદિ સ્વજનોનો તથા ભૌતિક સાધન સામગ્રીનો ત્યાગ કરી સંયમનો સ્વીકાર કરે. સંયમનો સ્વીકાર કરવાથી નવો કર્મબંધ અટકી જાય છે અર્થાત્ તે સંવરની સાધના છે. ત્યાર પછી પૂવકૃત કર્મનો નાશ કરવા માટે કષાયોને ઉપશાંત કરે, શરીર, ઈન્દ્રિય અને વૃત્તિઓ પર વિજય પ્રાપ્ત કરે અને પોતાના સામર્થ્યાનુસાર તપની આરાધના કરે, તપ દ્વારા કર્મનો ક્ષય થાય છે અને આત્મા શુદ્ધ થાય છે.

આ જ સનાતન સત્ય પ્રાપ્તિનો રાજમાર્ગ છે.

## અધ્યયન – ૫ : લોકસાર

આ અધ્યયનમાં લોક–સંસારનો સાર અને તેની પ્રાપ્તિના ઉપાયોનું નિદર્શન છે. તેના છ ઉદ્દેશક છે.

જેમ દહીંનો સાર માખણ, તલનો સાર તેલ, ઈક્ષુનો સાર તેનો રસ છે, તેમ લોકનો સાર ધર્મ છે, ધર્મનો સાર જ્ઞાન છે, જ્ઞાનનો સાર સંયમ છે, સંયમનો સાર નિર્વાણ અને નિર્વાણનો સાર આનંદ છે.

ધર્મ એટલે શું ? વસ્તુનો સ્વભાવ તે ધર્મ. જે વસ્તુનો જે સ્વભાવ હોય તે તેનો ધર્મ છે. જેમ શીતળતા પાણીનો, ઉષ્ણતા અગ્નિનો સ્વભાવ છે. જ્ઞાન–દર્શન અર્થાત્ કેવળ જોવું અને જાણવું, તે આત્માનો સ્વભાવ છે, તેથી જ્ઞાન–દર્શન આત્માના ધર્મ છે. વસ્તુનો સ્વભાવ હંમેશાં વસ્તુની સાથે જ રહે છે, તેને વસ્તુથી છૂટો પાડી શકાતો નથી તેમ જ્ઞાન–દર્શન હંમેશા આત્મામાં હોય છે. આત્મા સ્વયં જ્ઞાનમય છે. જે જાણે છે, સુખ દુઃખનું વેદન કરે છે તે જ આત્મા છે, પરંતુ આપણો જ્ઞાનરૂપ સ્વભાવ કર્મના આવરણથી ઢંકાઈ ગયો છે, મિથ્યાત્ત્વના પ્રભાવે વિકૃત થઈ ગયો છે. તે આવરણને તોડી આપણા સ્વભાવને પ્રગટ કરીને સ્વભાવમાં સ્થિર થવા માટે જ સમગ્ર ધર્મસાધના છે,

તેથી જ જે ક્રિયાના સેવનથી આપણી ભોગ–વિલાસની અભિલાષા મંદ થાય, રાગ–દ્વેષ આદિ કષાયો શાંત થાય, મન, ઈન્દ્રિય અને શરીરનું વલણ અંતર્મુખ બની જ્ઞાનરૂપ સ્વભાવ તરફ વળે, તે **ધર્મ** કહેવાય છે. આ પ્રકારનો આત્મસ્વભાવનો સત્ય બોધ તે **જ્ઞાન** છે. સત્યની કે સ્વભાવની પ્રાપ્તિ માટે પર પદાર્થનો ત્યાગ તે **સંયમ** છે. ત્યાર પછી તપસ્યાદિ દ્વારા મલિન વૃતિઓ પર વિજય પ્રાપ્ત કરવો, ચિત્તસંસ્કારનો સર્વથા ક્ષય કરવો તે **નિર્વાણ** છે અને નિર્વાણ તે જ સહજ અને અનંત આનંદની સ્થિતિ છે.

સંસારી જીવો અજ્ઞાનદશામાં જ દુનિયાના દેખાતા ભોગ–વિલાસમાં મસ્ત બનીને, તેને ભોગવવાની એક માત્ર ધૂનમાં ઘોર પાપકર્મનો બંધ કરીને, દુર્ગતિના દુઃખોને પામે છે. કેટલાક જીવો આંશિક સમજણ પ્રાપ્ત કરી, ભોગ–વિલાસનો ત્યાગ કરીને સાધુપણાનો સ્વીકાર કરે છે, પરંતુ તેનો વૈરાગ્યભાવ દઢતમ ન હોવાથી, વિષયાસકિત છૂટી ન હોવાથી, સ્વછંદબુદ્ધિએ તે એકલવિહારી બનીને સાધુવેશમાં જ પરિગ્રહધારી બનીને પાપસેવન કરે છે. આ રીતે પૂર્ણવિશુદ્ધિ ન થાય ત્યાં સુધી તેના જીવનમાં ચડતી–પડતી આવ્યા જ કરે છે. સાધક સંયમ ભાવમાં સ્થિર રહેવા માટે

વૈરાગ્યભાવે ગુરુચરણે જીવન સમર્પિત કરે, ગુર્વાજ્ઞાપાલનને એક માત્ર લક્ષ્ય બનાવીને વાસનાને ઉપાસનામાં પરિવર્તિત કરે. અંતર્મુખ બનીને પોતાની સદ્‌વૃત્તિમાંથી દુર્વૃત્તિઓ સાથે યુદ્ધ કરીને તેના પર વિજય પ્રાપ્ત કરે.

ભગવાનનો સંદેશ છે કે તને બીજા જીવોની હિંસા કરવાની, તેને આધીન બનાવવાની કે પરિતાપ પહોંચાડવાની ઈચ્છા થાય છે, પરંતુ તે તું પોતે જ છે. સર્વ જીવો તારી સમાન છે. બીજાની હિંસામાં તારી જ હિંસા થાય છે, તેથી અન્ય જીવોને મારવાની હિંસક વૃત્તિ છોડીને તું કેવળ તારા જ અશુભભાવો સાથે આંતરયુદ્ધ કરીને વિજય પ્રાપ્ત કર. આંતરયુદ્ધમાં પ્રાપ્ત કરેલો વિજય શાશ્વતકાલ પર્યંત ટકે છે. બહારના યુદ્ધો નિરર્થક અને નિષ્ફળ છે.

ભગવાનના વચનો પર દઢતમ શ્રદ્ધા રાખ. હે પ્રભો ! આપે જે કહ્યું છે તે જ સંપૂર્ણ સત્ય છે, તે સૂત્રને લક્ષ્યસિદ્ધિ સુધી નજર સામે રાખીને ચાલ.

જિનેશ્વરના વચનનોમાં શંકા કરનાર સર્વવિનાશને પામે છે. તે શંકાશીલ વ્યકિત સમાધિને પામી શકતી નથી. માટે તું તારી સ્વછંદ બુદ્ધિને, તર્ક–વિતર્કને છોડીને સમભાવમાં સ્થિર થવા પ્રયત્નશીલ બની જા.

ભગવાને સમતાને જ ધર્મ કહ્યો છે.

સમભાવથી મોહનીય કર્મ ક્ષય થાય અને વીતરાગ દશા પ્રગટ થાય છે. વીતરાગદશાની પ્રાપ્તિ પછી ઘાતિકર્મનો ક્ષય થતાં અખંડ જ્ઞાન-દર્શન ગુણ પ્રગટ થાય છે. તે જ આત્મસ્વભાવ રૂપ ધર્મ છે અને તે જ લોકનો સાર છે. જે લોકના સારને પામે છે તે શુદ્ધાત્મા ચાર ગતિના દુઃખથી મુકત થાય છે.

કર્મથી મુકત થયેલો તે શુદ્ધાત્મા શાશ્વતકાલ સુધી સિદ્ધક્ષેત્રમાં સ્થિત થઈ જાય છે. તેને ફરીવાર જન્મધારણ કરવો પડતો નથી. તેને કર્મ ન હોવાથી શરીર નથી, શરીર ન હોવાથી તે આત્માનો કોઈ રંગ, રૂપ, આકાર નથી તે અરૂપી, નિરંજન, નિરાકાર અને નિરૂપમ છે. આ સાધનાની સિદ્ધિ છે.

## અધ્યયન – ૬ : ધૂત

આ અધ્યયનમાં કર્મક્ષયની પ્રક્રિયાનું પ્રતિપાદન છે તેના પાંચ ઉદ્દેશક છે.

અનાદિકાલથી કર્મથી બંધાયેલો જીવ ચાર ગતિના દુઃખ ભોગવી રહ્યો છે. દુઃખમુકિત માટે કર્મધૂનન-કર્મક્ષય અનિવાર્ય છે. કર્મક્ષયની સાધના માટે પૂર્વાગ્રહનો અને પૂર્વ સંયોગનો ત્યાગ તથા આત્મજ્ઞાન સહિતનો અદમ્ય ઉત્સાહ જરૂરી છે. કેટલાક સાધકો કર્મક્ષય માટે સાધનાનો પ્રારંભ

કરે છે પરંતુ પૂર્ણતા સુધી તે ઉત્સાહને ટકાવી શકતા નથી.

જેમ સરોવરમાં રહેલો કાચબો કયારેક પાણીની ઉપરના સેવાળના પડમાં પડેલા છિદ્રમાંથી નીલગગનને, ચમકતા તારાઓના અદ્દ્ભૂત દશ્યને જુએ છે અને પોતાના સ્વજનોને આ દશ્ય બતાવવાની લાલચે, સ્વજનોને બોલાવવા ઊંડા પાણીમાં જાય છે. સ્વજનોના મમત્વનું બંધન મોહમૂઢ સાધકને ફરી-ફરી સંસાર સાગરમાં ખેંચી જાય છે. તે સ્વજનોના મમત્ત્વમાં, કામભોગના આકર્ષણમાં ફસાઈ જાય છે અને સાધક કર્મક્ષયની તક ચૂકી જાય છે.

જેમ વૃક્ષ ઠંડી, ગરમી, તાડન, પરિતાપના દુઃખોને પ્રતિકાર વિના સહન કરે છે, પરંતુ પોતાનું સ્થાન છોડી શકતું નથી. તેમ મિથ્યાત્ત્વી, કદાગ્રહી જીવો પણ દુઃખ ભોગવવા છતાં પોતાનો આગ્રહ છોડી શકતા નથી.

તે અજ્ઞાની, મૂઢ જીવોને ક્રૂર કર્મોના કારણે સોળ મહારોગમાંથી કોઈ રોગ ઉત્પન્ન થાય છે. તે દુઃખી જીવ ક્ષણભંગુર શરીરને છોડીને નરક અને તિર્યંચગતિમાં વારંવાર જન્મ-મરણ કર્યા કરે છે.

કેટલાક પરમ પુરુષાર્થી સાધકો પોતાના ચિત્તને એકત્વ ભાવનાથી ભાવિત કરીને કર્મધૂનનના માર્ગમાં અદમ્ય ઉત્સાહથી આગળ વધે છે. પરિસહ ઉપસર્ગને

સમભાવે સહન કરે છે. જિનેશ્વરની આજ્ઞાનું પાલન તે જ મારો ધર્મ છે. આ ઘોર સંસાર સાગરમાં જિનેશ્વર કથિત ધર્મ જ અસંદીન–કદાપિ ડૂબે નહિ તેવો દ્વીપ છે. આ અજ્ઞાનના ગાઢ અંધકારમાં ધર્મ જ કદાપિ બુઝાય નહીં તેવો દીપ છે. શાણો સાધક તે દીપના અખંડ પ્રકાશમાં પોતાનો માર્ગ પામી જાય છે.

જ્ઞાનપૂર્વક દેહદમન, ઈન્દ્રિયનિગ્રહ, ઉપકરણ લાઘવતા વગેરે વિવિધ પ્રયોગો દ્વારા કર્મક્ષય કરે છે.

જેમ પક્ષિણી બચ્ચાને પાંખ ન આવે ત્યાં સુધી બચ્ચાનું પાલન–પોષણ કરે છે. તેમ નવદીક્ષિત શિષ્ય પણ સ્વયં સમર્થ ન બને, ત્યાં સુધી ગુરુમાતા શિષ્યની સર્વ પ્રકારે સુરક્ષા કરે છે. ગુરુના ચરણોમાં જિનાજ્ઞાની આરાધના કરતો સાધક ક્રમશઃ કષાયોને ઉપશાંત કરે, તપસ્યા દ્વારા શરીરને કૃશ કરે, આયુષ્યના અંત સમયે દેહના મમત્વનો સંપૂર્ણપણે ત્યાગ કરીને પંડિત મરણનો સ્વીકાર કરે અને સ્વયં અખંડ સમાધિભાવમાં સ્થિર રહે. આ જ કર્મધૂનન કે કર્મક્ષયની સફળ પ્રક્રિયા છે.

## અધ્યયન – ૭ : મહાપરિજ્ઞા

શાસ્ત્રલેખનકાળમાં આ અધ્યયનનો નાશ થયો છે.

## અધ્યયન – ૮ : વિમોક્ષ

આ અધ્યયનમાં વિશેષ પ્રકારે કર્મથી મુકત થવાના ઉપાયરૂપ ત્રણ પ્રકારના સમાધિમરણનું દિગ્દર્શન છે. તેના આઠ ઉદ્દેશક છે.

આત્મસ્વરૂપમાં સ્થિર થવા માટે, વિમોક્ષની સાધના કરતો સાધક સહુ પ્રથમ કુશીલ સાધુઓના તેમજ અન્ય દાર્શનિકોના સંગનો ત્યાગ કરે. 'સંગ તેવો રંગ' તે ઉકિત અનુસાર કુશીલનો સંગ, તેના શિથિલ વ્યવહારો, અન્ય દાર્શનિકોના સિદ્ધાંતો, તેનાં વ્રત–નિયમો વગેરે સાધકના ચિત્તને ડામાડોળ બનાવે છે, શ્રદ્ધાને શિથિલ કરે છે તેથી ઉપેક્ષાભાવપૂર્વક તેની સાથેના વ્યવહારથી મુકત થાય, સાધુ સ્વમાર્ગમાં જ દઢતમ ભાવે સ્થિર થાય, વૃત્તિને આત્મભાવમાં કેન્દ્રિત કરવા માટે બાહ્ય પદાર્થોના પ્રલોભનથી દૂર રહે તથા તેના ભોગનો ત્યાગ કરે, દેહભાન છોડવા માટે સર્વ પ્રથમ રસેન્દ્રિય પર વિજય પ્રાપ્ત કરે, સ્વાદની આસકિતથી જ અનેક પ્રપંચોનું સર્જન થાય છે. ગવેષણાપૂર્વક જે આહાર પ્રાપ્ત થયો હોય, તે આહાર પણ અનાસકત ભાવે વાપરે, સ્વાદવૃત્તિથી આહારને ડાબા ગલોફામાંથી જમણા ગલોફામાં મમળાવે નહીં. કેવળ સાધનામાં સહાયક દેહના પોષણ માટે જ આહાર કરે.

પોતાની વસ્ત્ર, પાત્ર આદિ ઉપધિની મર્યાદાને ઘટાડે, પોતાના કલ્પ અનુસાર વસ્ત્ર, પાત્ર ધારણ કરે, અને નવા ગ્રહણ ન કરવાની પ્રતિજ્ઞા કરે અને ત્યાર પછી ક્રમશઃ વૃત્તિસંક્ષેપ કરી મર્યાદિત ઉપધિને પણ ઘટાડે. તે સાધુ ત્રણ, બે અથવા એક પછેડી ધારણ કરે અથવા કયારેક અચેલક પણ થઈ જાય.

ઉપધિના ત્યાગ પછી સંકલ્પ-વિકલ્પ થાય કે મારું વસ્ત્ર જીર્ણ થયું છે, નવું લેવાનું નથી, હવે હું શું કરીશ ? આ પ્રકારનો દીનતાનો ભાવ અથવા કયારેક ત્યાગનું અભિમાન થાય, તો તેવા ત્યાગથી કર્મવિમોક્ષ થતો નથી.

સ્વભાવમાં સ્થિર થતો સાધક કયારેક સહવર્તી સાધુઓની સહાયતા લેવાનો ત્યાગ કરીને આત્માને, એકત્વભાવમાં સ્થાપિત કરે, 'હું એક છું મારું કોઈ નથી, હું પણ કોઈનો નથી.' આ રીતે વિવિધ પ્રયોગો દ્વારા સાધુ બાહ્ય વસ્તુ અને વ્યકિતના બંધનમાંથી છૂટતો જાય છે.

**ભકતપ્રત્યાખ્યાન :** જયાં સુધી શરીર સાધનામાં સહાયક બને ત્યાં સુધી આહાર દ્વારા અનાસકત ભાવે શરીરનું પોષણ કરે. જયારે શરીર ક્ષીણ કે દુર્બળ થઈ જાય, સાધનામાં સહાયક બને તેમ ન હોય, ત્યારે સ્વેચ્છાથી

શરીરનો ત્યાગ કરવા માટે ત્રણ (પાણીની છૂટ) કે ચાર આહારના પચ્ચક્ખાણ કરે છે, તેને ભકતપ્રત્યાખ્યાન કહે છે. તે સાધક જીવન પર્યંત સમભાવમાં સ્થિત રહીને અંતે સમાધિભાવે મૃત્યુને સ્વીકારે છે.

**ઈંગિતમરણ :** જીવજંતુથી રહિત નિર્દોષભૂમિનું પ્રતિલેખન કરીને તેના પર ઘાસ આદિની અનુકૂળ સંસ્તારક-પથારી બિછાવીને, ક્ષેત્રની તથા ઉપકરણની મર્યાદા નિશ્ચિત કરીને, યાવજજીવનના અનશન વ્રતનો સ્વીકાર કરે. ભોજન, પાણી, મેવા-મીઠાઈ તથા મુખવાસ આ ચાર પ્રકારનો આહાર, અઢાર પાપસ્થાન તથા શરીરનું મમત્વ (૧૮+૪+૧) આ ૨૩ બોલના પચ્ચક્ખાણ કરે છે. તે સાધુ મર્યાદિત ક્ષેત્રમાં ગમનાગમન કરવાની છૂટ રાખે છે. પોતાના મનોભાવને તે ઈંગિત-ઈશારા કે કોઈ સંકેતથી સમજાવી શકે છે. બીજાની સેવા લઈ શકે છે તથા પ્રકારના અભિગ્રહપૂર્વક-સમાધિભાવે મૃત્યુનો સ્વીકાર કરવો, તેને ઈંગિતમરણ કહે છે.

**પાદપોપગમમરણ :** પાદપ-વૃક્ષ. વૃક્ષની ડાળીની જેમ નિશ્ચેષ્ટ રહેવું. ઉપરોકત ૨૩ બોલના પચ્ચક્ખાણપૂર્વક ગમનાગમનનો, સર્વ ચેષ્ટાઓનો સંપૂર્ણ ત્યાગ કરીને જીવન પર્યંત સમાધિભાવે નિશ્ચેષ્ટ રહેવું, આ પ્રકારના

અભિગ્રહપૂર્વક મૃત્યુનો સ્વીકાર કરવો, તેને પાદપોપગમન મરણ કહે છે.

સાધક પોતાના શકિત અને સામર્થ્યનો વિચાર કરીને કોઈ પણ એક મરણનો સ્વીકાર કરે. તે કાલ દરમ્યાન આવતા ઉપસર્ગ–પરીષહોને સમભાવથી સહન કરે, સમગ્રપણે આત્મભાવમાં લીન રહે.

આ પ્રકારના વિવિધ ઉપાયોની આરાધના કરતા સાધક કર્મથી સર્વથા મુકત થાય છે.

## અધ્યયન – ૯ : ઉપધાનશ્રુત

આ અધ્યયનમાં ભગવાન મહાવીર સ્વામીની સાધનાનું પ્રતિપાદન છે, તેમાં ચાર ઉદ્દેશક છે.

પ્રભુ મહાવીરે ૨૮ વર્ષની ઉંમરે માતા–પિતાના દેહવિલય પછી ગર્ભકાલનો અભિગ્રહ પૂર્ણ થતાં સંયમ સ્વીકારની ભાવના પ્રગટ કરી, પરંતુ વડીલબંધુ નંદીવર્ધનની સંમતિ ન મળવાથી બે વર્ષ અનાસકત ભાવે પ્રભુ ગૃહવાસમાં રહ્યા. ત્યારપછી માગસર વદ–૧૦ ના શુભ દિવસે, ૩૦ વર્ષની ઉંમરે પ્રભુએ સંસારના સર્વ સંબંધોનો, સમસ્ત ભૌતિક પદાર્થોનો સંપૂર્ણપણે ત્યાગ કરીને એકમાત્ર આત્મસ્વરૂપમાં સ્થિર થવા માટે સંયમનો સ્વીકાર કર્યો.

પ્રભુએ દીક્ષા ગ્રહણ કરી તે જ દિવસે સ્વજનોનાં

મમત્વભાવને દૂર કરવા ત્યાંથી વિહાર કર્યો. કયારેક આર્યક્ષેત્રમાં અને કયારેક અનાર્યક્ષેત્રમાં શૂન્ય ખંડેરમાં, ઉદ્યાનમાં, ધર્મશાળામાં, ગામમાં, નગરમાં, જંગલમાં જયાં સ્થાન મળે ત્યાં પ્રભુ નિવાસ કરતા હતા. ત્યાં સર્વ પ્રકારની અનુકૂળતા અને પ્રતિકૂળતાને આંશિક પણ પ્રતિકાર કર્યા વિના પ્રભુએ સહન કરી.

પ્રભુ ધ્યાનસ્થ બનીને ઊભા રહેતા હતા ત્યારે દેહનું ભાન ભૂલી જતાં, આહાર-પાણીને ભૂલી જતાં હતા. મહિનાઓ સુધી ધ્યાન અવસ્થામાં સ્થિત પ્રભુને એક, બે ત્રણ, ચાર, પાંચ યાવત્ છ-છ મહિનાના ઉપવાસ થઈ જતાં હતા.

તે કાલમાં ઠંડી, ગરમી વગેરે પ્રતિકૂળતા, કયારેક ચોર, લૂંટારા પકડી લેતા, લૂચ્ચા લફંગા લોકો હેરાન કરતા, પ્રભુની પાછળ જંગલી કૂતરાઓ દોડાવતા, જંગલમાં સર્પ, વીંછી, નોળિયા વગેરે ઝેરી જંતુઓ ડંખ મારતા, ગીધ વગેરે માંસલોલુપી પક્ષીઓ ચાંચ મારીને પ્રભુનું માંસ ખાતા, કયારેક મનુષ્યલોકની સુંદરીઓ કે દેવલોકની દેવાંગનાઓ વિવિધ ચેષ્ટાઓ કરીને પ્રભુને ભોગનું આમંત્રણ આપતી હતી. આ રીતે અનેક પ્રકારના પ્રિય-અપ્રિય સંયોગોનો પ્રભુએ આત્મભાવે સ્વીકાર કર્યો.

કવચધારી યોદ્ધો બાણથી વીંધાવા છતાં આગળ વધે અને અંતે વિજય પ્રાપ્ત કરે છે, તેમ પરમાત્માએ અખંડ સમભાવરૂપ કવચ ધારણ કરી કર્મસંગ્રામમાં વિજય પ્રાપ્ત કર્યો. ઘાતિકર્મનો ક્ષય કરી કેવળજ્ઞાન–કેવળદર્શન પ્રાપ્ત કર્યું.

પ્રભુની સાધના સાધકને માટે દીવાદાંડી સમ છે, તેને નજર સમક્ષ રાખીને સાધક પૂર્ણતા સુધી પહોંચી શકે છે.

## શ્રુતસ્કંધ – ૨ – આચારચૂલા

### અધ્યયન – ૧ : પિંડૈષણા

આ અધ્યયનમાં ૧૧ ઉદ્દેશક છે. તેમાં સાધુના આહારની એષણા સંબંધી વિવિધ દોષોનું વર્ણન છે.

સાધુની ભિક્ષાચરીની શુદ્ધિ ત્રણ પ્રકારની એષણા દ્વારા થાય છે. **ગવેષણા**–અચેત અને નિર્દોષ આહારનું અન્વેષણ કરવું. **ગ્રહણૈષણા**–ગૃહસ્થને અપ્રીતિ કે ભારરૂપ ન થાય તેમ જ સાધુની સ્વયંની સ્વાદવૃત્તિનું પોષણ ન થાય તેમ ગૃહસ્થને ત્યાંથી આહાર ગ્રહણ કરવો. **પરિભોગૈષણા**– નિર્દોષ રીતે પ્રાપ્ત થયેલા ભોજનને અનાસકત ભાવે ભોગવવું.

સાધુ આહાર પ્રાપ્તિ માટે શાંત ચિત્તે ઊંચ-નીચ કૂળમાં પરિભ્રમણ કરે છે. ગૃહસ્થોએ પોતાના માટે તૈયાર કરેલા ભોજનમાંથી સાધુ ભ્રમરની જેમ થોડો-થોડો આહાર ગ્રહણ કરીને અહિંસક રીતે દેહ નિર્વાહ કરે છે. સાધુ જે આહાર ગ્રહણ કરે તે પ્રાસુક-જીવ રહિત અને એષણીય-સાધુચર્યાના નિયમાનુસાર આધાકર્મી આદિ દોષોથી રહિત હોવો જરૂરી છે. એષણા સમિતિની શુદ્ધિથી સાધુના પંચાચારની પુષ્ટિ થાય છે.

## અધ્યયન – ૨ : શય્યૈષણા

આ અધ્યયનમાં ત્રણ ઉદ્દેશક છે. તેમાં સાધુના નિવાસસ્થાન રૂપ શય્યા તથા સંસ્તારક-પાટ પાટલા-ઘાસની પથારી વગેરે સૂવા, બેસવા આદિ ક્રિયા માટે ઉપયોગી સાધનોની ગવેષણા સંબંધી વર્ણન છે.

આહારની ગવેષણાની જેમ સાધુ પોતાના નિવાસસ્થાનની પણ ગવેષણા કરીને નિર્દોષ સ્થાનમાં રહે છે. જે સ્થાન ગૃહસ્થોએ પોતાના માટે બનાવેલું હોય, જયાં ગમનાગમન કરતાં કોઈ જીવોની વિરાધના થતી ન હોય, ગૃહસ્થને બાધા થતી ન હોય, સાધુની સમાચારીનું પાલન સહજ રીતે થઈ શકે તેમ હોય, સંયમ સાધનામાં સહાયક બને તેવા સ્થાનમાં તે ક્ષેત્રની અને કાલની મર્યાદા નિશ્ચિત

કરીને, તેના માલિકની આજ્ઞાપૂર્વક સાધુ તેમાં રહી શકે છે અને તે સ્થાનમાં રહેલી વસ્તુઓ ઉપયોગ કરી શકે છે.

સાધુ જે સ્થાનમાં રહે તેમાં પોતાની અનુકૂળતા માટે સમારકામ કે રંગરોગાન કરાવે નહીં, તેમાં નવી વસ્તુ વસાવે નહીં. તે સ્થાનમાં રહેલી વસ્તુઓ આઘીપાછી કરે નહીં.

સાધુ પાટ-પાટલા આદિ જરૂરી વસ્તુ ગૃહસ્થને ત્યાંથી યાચના કરીને લાવે છે. તે વસ્તુનું ગ્રહણ કરતાં પહેલા તેનું વ્યવસ્થિત નિરીક્ષણ કરવું જરૂરી છે. તે વસ્તુ જીવ રહિત હોય, પોતાના હાથે ઉપાડી શકાય તેવી હળવી હોય, ગૃહસ્થ પાછું લઈ લેવાની શરતે આપતા હોય તથા તે મજબૂત હોય, તેવી જ વસ્તુ સાધુ ગ્રહણ કરે છે.

સાધુ ગૃહસ્થોની પાસેથી જે વસ્તુ જેટલા કાલ માટે લાવ્યા હોય તે કાલમર્યાદા પૂર્ણ થતાં તે વસ્તુ વ્યવસ્થિત રીતે તેના માલિકને સોંપી દે.

આ રીતે સાધુ સંયમભાવપૂર્વક શય્યા-સંસ્તારકની યાચના કરીને પ્રાપ્ત કરે અને સમભાવથી તેનો ઉપયોગ કરે, તેમાં જ તેની સાધુતા છે.

## અધ્યયન – ૩ : ઈર્યા

આ અધ્યયનમાં ત્રણ ઉદ્દેશક છે.

સંયમપાલન માટે જીવવિરાધના ન થાય તે રીતે ઉપયોગપૂર્વક જોઈને ચાલવું, તે ઈર્યાસમિતિ છે.

સાધુ હેમંતઋતુમાં, ગ્રીષ્મઋતુમાં પોતાની શકિત અને કલ્પ અનુસાર ગ્રામાનુગ્રામ વિહાર કરે અને વર્ષાઋતુનો પ્રારંભ થાય તે પહેલાં, જીવરક્ષા, સંયમ સાધના અને જ્ઞાન, દર્શન, ચારિત્રની આરાધના થઈ શકે તેવા નિર્દોષ સ્થાનમાં ચાતુર્માસ રહે છે. ચાતુર્માસ પૂર્ણ થતાં તે ક્ષેત્રનું બંધન છોડીને વિહાર કરે છે.

સાધુ વિહાર કરે ત્યારે વિવિધ પ્રકારના દશ્યો જોઈને રાગ–દ્વેષ કરે નહીં, સ્થાનના સૌંદર્યને એકીટસે જુએ નહીં, આંગળીથી નિર્દેશ કરીને બીજાને બતાવે નહીં, જોયેલી વસ્તુમાં સારા–નરસાનો અભિપ્રાય આપે નહીં, બોલવામાં ભાષાસંયમનો વિવેક રાખે. રસ્તામાં ચોર, લૂંટારા કે હિંસક પશુઓ મળી જાય, તો ડરીને દોડાદોડી કરે નહીં, નિર્ભયતાપૂર્વક સ્થિર ચિત્તે આગળ વધે.

આ રીતે ઈર્યાસમિતિપૂર્વક ગમનાગમન કરવામાં સંયમી જીવનની નિર્મળતા છે.

## અધ્યયન – ૪ : ભાષાજાત

આ અધ્યયનમાં બે ઉદ્દેશક છે.

તેમાં સાધુને માટે ભાષા સમિતિની શુદ્ધિ વિષયક

વિધિ–નિષેધથી કથન છે. આત્મભાવમાં સ્થિરતા પ્રાપ્ત કરવા માટે જ સમગ્ર સાધના કરતા સાધુ પ્રાયઃ મૌન રહે છે. જ્યારે જરૂર હોય ત્યારે સંયમભાવપૂર્વક હિત, મિત અને પરિમિત ભાષાનો પ્રયોગ કરે છે.

સાધુ અન્ય જીવોને પીડાકારી, ભેદકારી, વેર–વિરોધકારી કે હિંસક ભાષાનો પ્રયોગ કરે નહીં. સાધુ કોઈ પ્રાકૃતિક દશ્યો, ઉદ્યાનો, વૃક્ષો, પશુ–પક્ષીઓ, સ્ત્રી, પુરુષો આદિને જોઈને તેની પ્રશંસા કે નિંદા કરે નહીં, સાધુના વચન સાંભળીને ગૃહસ્થો પાપકારી પ્રવૃત્તિ કરે તેવી ભાષા બોલે નહીં.

સંક્ષેપમાં સાધુ કષાયભાવનો ત્યાગ કરીને વિચારપૂર્વક નિરવદ્ય ભાષાનો પ્રયોગ કરે છે તેમાં તેના સત્ય મહાવ્રતની સુરક્ષા છે.

## અધ્યયન – ૫ : વસ્ત્રૈષણા

આ અધ્યયનમાં બે ઉદ્દેશક છે.

સાધુ અચેલકતા (વસ્ત્રરહિત)ની ભૂમિકા સુધી ન પહોંચે ત્યાં સુધી સંયમપાલન તથા લજ્જા નિવારણ માટે વસ્ત્ર ધારણ કરે છે. તે નિર્દોષ વસ્ત્રની ગવેષણા કરીને ગૃહસ્થ પાસેથી યાચના કરીને મર્યાદિત વસ્ત્રો જ ધારણ કરે છે.

સાધુ ઉન, શણ, રેશમ, કપાસ, આકોલિયાનું રૂ કે તાડપત્રના, આ છ પ્રકારના વસ્ત્રમાંથી જયાં જે વસ્ત્રો નિર્દોષતાપૂર્વક પ્રાપ્ત થાય તેનો ઉપયોગ કરી શકે છે. સાધુ પ્રિય–અપ્રિય વસ્ત્રમાં રાગ–દ્વેષ કરે નહીં. વસ્ત્ર ગ્રહણ કરતાં પહેલાં તેનું નિરીક્ષણ કરે. તે વસ્ત્ર પોતાની આવશ્યકતા પ્રમાણે પ્રમાણોપેત અને અનુકૂળ હોય, તેમાં બીજા રંગના ડાઘા ન હોય, ટકાઉ હોય, ગૃહસ્થો કાયમ માટે આપવા તૈયાર હોય તો, તેને ગ્રહણ કરે. નિર્દોષ રીતે પ્રાપ્ત થયેલા વસ્ત્રોનો અનાસકતભાવે ઉપયોગ કરે, તેમાં જ સાધુની સાધુતા છે.

## અધ્યયન – ૬ : પાત્રૈષણા

આ અધ્યયનમાં બે ઉદ્દેશક છે.

સાધુ દઢ મનોબળ સાથે કરપાત્રી ન થાય ત્યાં સુધી આહાર ગ્રહણ કરવા લાકડાના, માટીના કે તુંબીના, આ ત્રણ પ્રકારના પાત્રમાંથી કોઈ પણ પ્રકારના મર્યાદિત પાત્ર રાખે છે. સાધુ સમાચારીના નિયમાનુસાર પોતાને અનુકૂળ, ટકાઉ, કલ્પનીય, બહુમૂલ્યવાન ન હોય તથા સહજતાથી પ્રાપ્ત થઈ શકે તેવા પાત્ર ગૃહસ્થ પાસે યાચના કરીને ગ્રહણ કરે છે અને સમભાવે તેનો ઉપયોગ કરે છે.

## અધ્યયન – ૭ : અવગ્રહ પ્રતિમા

આ અધ્યયનમાં બે ઉદ્દેશક છે.

અવગ્રહ શબ્દના મુખ્ય બે અર્થ થાય છે. (૧) ગ્રહણ કરવા યોગ્ય વસ્તુ અથવા સ્થાન (૨) જે વસ્તુ જેની નિશ્રામાં હોય તેની આજ્ઞાપૂર્વક તે વસ્તુ ગ્રહણ કરવી.

સાધુને અદત્તાદાનવિરમણ મહાવ્રતનું જીવનપર્યંત પાલન કરવાનું હોવાથી તે જ્યાં રહે, જે વસ્તુ ગ્રહણ કરે તે તેના માલિકની આજ્ઞાપૂર્વક ગ્રહણ કરે છે.

સાધુ ગૃહસ્થના મકાનમાં કે ધર્મશાળા આદિ જાહેર સ્થાનમાં રહે, તે સ્થાનની કાલમર્યાદા નિશ્ચિત કરીને રહે. જેમકે 'અત્રે અમુક સાધુઓ આઠ દિવસ રહીશું, આ મકાનની બે રૂમનો, પરઠવા માટે અમુક જગ્યાનો તથા મકાનમાં રહેલા પાટ–પાટલા વગેરે પાઢીઆરી વસ્તુનો ઉપયોગ કરશું, તે દરમ્યાન કોઈ સાધર્મિક સાધુ પધારે, તો તે પણ અમારી સાથે રહેશે.' આ રીતે સ્પષ્ટતાપૂર્વક આજ્ઞાગ્રહણ કરવી તે સાધુનો ધર્મ છે. સાધુ જે સ્થાનમાં રહે ત્યાં અન્યને બાધક બન્યા વિના વિવેકપૂર્વક રહે. ગૃહસ્થોને ત્યાંથી લાવેલી પાઢીઆરી વસ્તુ પોતાની જરૂરિયાત પૂર્ણ થતાં વ્યવસ્થિત રીતે ગૃહસ્થોને પાછી સોંપી દે.

આ પ્રકારના શુદ્ધ વ્યવહારથી ગૃહસ્થનો શ્રદ્ધા–

ભક્તિભાવ જળવાઈ રહે છે અને સાધુના મહાવ્રતની સુરક્ષા થાય છે.

## અધ્યયન – ૮ : સ્થાન સપ્તક

નિશ્ચિત સમય માટે કાયોત્સર્ગમાં સ્થિર થવા માટે ચોકકસ સ્થાન ગ્રહણ કરવાનો અભિગ્રહ ધારણ કરવો.

## અધ્યયન – ૯ : નીષીધિકા સપ્તક

સ્વાધ્યાય માટે નિર્દોષ, એકાંત, પવિત્ર ચોકકસ સ્થાનને અભિગ્રહપૂર્વક ગ્રહણ કરવું, સ્વાધ્યાયભૂમિમાં જઈને હાંસી-મજાક આદિ પ્રમાદજન્ય સર્વ ચેષ્ટાઓનો પૂર્ણ ત્યાગ કરીને અપ્રમતભાવે સ્વાધ્યાય કરવો.

## અધ્યયન – ૧૦ : ઉચ્ચારપ્રસવણ સપ્તક

સાધુએ પરઠવા યોગ્ય આહાર, ઉપધિ, વડીનીત-મળ, લઘુનીત-મૂત્રનો નિર્દોષ ભૂમિમાં ગૃહસ્થોને જુગુપ્સા ન થાય અને જીવ વિરાધના ન થાય તે રીતે ત્યાગ કરવો.

## અધ્યયન – ૧૧-૧૨ : શબ્દ સપ્તક-રૂપ સપ્તક

સાધુ અનુકૂળ કે પ્રતિકૂળ શબ્દ કે રૂપમાં રાગ-દ્વેષનો ભાવ ન કરે. આ સર્વ વસ્તુ પૌદ્‌ગલિક છે. નશ્વર છે, આત્માથી સર્વથા પર છે તેમ માનીને આત્મભાવમાં સ્થિર રહે.

## અધ્યયન – ૧૩–૧૪ : પરક્રિયા–અન્યોન્યક્રિયા

સાધુની સમગ્ર સાધના અન્ય વસ્તુ કે વ્યકિતની અપેક્ષા છોડીને સ્વાધીન અને સ્વાવલંબી બનવા માટે છે, તેથી સાધુ ગૃહસ્થ દ્વારા પોતની સેવા આદિ કોઈપણ પ્રવૃત્તિ કરાવે નહીં. તે જ રીતે સાધુ અન્યોન્યક્રિયા– પરસ્પર એક બીજા પાસે પણ જરૂર વિના સેવા કરાવે નહીં.

ગૃહસ્થની સેવામાં પાપકારી પ્રવૃત્તિની સંભાવના છે, આવશ્યકતા વિના સાધુઓએ પરસ્પર સેવા કરવામાં અપેક્ષા વધે છે, મોહભાવની વૃદ્ધિ થાય છે. બીજાની અપેક્ષાનો ત્યાગ કરનાર સાધુ અંતર્મુખ બનીને ક્રમશઃ ઘાતિકર્મનો ક્ષય કરીને કેવળજ્ઞાન પ્રગટ કરે છે.

## અધ્યયન – ૧૫ : ભાવના

આ અધ્યયનમાં ચોવીસમા તીર્થંકર શ્રમણ ભગવાન મહાવીર સ્વામીનું જીવન ચરિત્ર તથા તેમની ધર્મદેશનાનું પ્રતિપાદન છે.

ચોથા આરાના ૭૫ વર્ષ અને સાડા આઠ મહિના શેષ રહ્યા ત્યારે અષાઢ સુદ–૬ની રાત્રિએ ઉત્તરાફાલ્ગુની નક્ષત્રમાં દશમા પ્રાણત દેવલોકમાંથી ચ્યવીને ઋષભદત્ત

બ્રાહ્મણની પત્ની દેવાનંદાની કુક્ષીમાં ત્રણ જ્ઞાન સહિત પ્રભુનું અવતરણ થયું. ૮૨ રાત્રિ વ્યતીત થયા પછી શક્રેન્દ્રની આજ્ઞાથી હરિણૈગમેષી દેવે પ્રભુના ગર્ભનું સંહરણ કરીને ક્ષત્રિયકુંડ નગરના સિદ્ધાર્થ રાજા–ત્રિશલા રાણીની કુક્ષીમાં ગર્ભને સ્થાપિત કર્યો. ગર્ભકાલ પૂર્ણ થતાં ચૈત્ર સુદ–૧૩ ની મધ્યરાત્રિએ પ્રભુનો જન્મ થયો. દેવોએ અને માનવોએ જન્મોત્સવ ઉજવ્યો. માતાપિતાએ ગુણનિષ્પન્ન વર્ધમાન નામ રાખ્યું. પાંચ ધાવમાતા દ્વારા લાલન–પાલન પૂર્વક પ્રભુનો બાલ્યકાળ વ્યતીત થયો. યુવાવયમાં અનાસકત ભાવે ભોગાવલી કર્મને ભોગવી લીધા.

માતા–પિતાના દેહ વિલય પછી વડિલ બંધુની આજ્ઞાપૂર્વક દીક્ષા લેવાનો સંકલ્પ કર્યો. એક વર્ષ પર્યંત પ્રતિદિન એક કરોડ આઠ લાખ સુવર્ણમુદ્રાઓનું દાન આપી દાન ધર્મનું આચરણ કર્યું. માગસર વદ–૧૦ ના દિવસે ત્રીજા પ્રહરમાં છટ્ઠની તપસ્યા સહિત જ્ઞાતખંડ ઉદ્યાનમાં સ્વયં પંચમુષ્ટિ લોચ કરી, સમસ્ત સ્વજનો તથા ભૌતિક પદાર્થોનો ત્યાગ કરીને, અનંત સિદ્ધોને નમસ્કાર કરીને પ્રભુએ સામાયિક ચારિત્રનો સ્વીકાર કર્યો, જીવનપર્યંત સર્વ

પાપકારી પ્રવૃત્તિનો ત્યાગ કર્યો, ત્યારે પ્રભુને ચોથું મન:પર્યવજ્ઞાન પ્રગટ થયું.

સાધનાકાલના પ્રારંભમાં આત્મરમણતાના લક્ષે પ્રભુએ સંકલ્પ કર્યો કે લક્ષ્યસિદ્ધિ ન થાય ત્યાં સુધી શરીરની સેવા-શુશ્રુષાનો ત્યાગ કરીશ, દેવ-મનુષ્ય કે તિર્યંચ સંબંધી જે ઉપસર્ગો કે પરીષહો આવશે તેને સમભાવે સહન કરીશ. સાડા બાર વર્ષની ઘોર સાધના પછી વૈશાખ સુદ-૧૦ ના દિવસે, ચોથા પ્રહરમાં, છટ્ઠની તપસ્યા સહિત, ગોદુહાસને ધ્યાનસ્થ-અવસ્થામાં સ્થિત પ્રભુને કેવળજ્ઞાન પ્રગટ થયું. દેવોએ કેવળમહોત્સવ ઉજવ્યો.

ત્યારપછી દેવો, મનુષ્યો અને તિર્યંચોની બાર પ્રકારની પરિષદમાં પ્રભુએ ધર્મોપદેશ આપ્યો. તેમાં છકાયનું સ્વરૂપ સમજાવ્યું. તે જીવોની પૂર્ણ રક્ષા કરવા માટે સાધુધર્મ અને અહિંસાદિ પાંચ મહાવ્રત તથા તેની પુષ્ટિ માટે પચીશ ભાવનાનો ઉપદેશ આપ્યો.

જે યથાતથ્ય રૂપે પંચમહાવ્રતનું પાલન કરે છે તે સંસાર સાગરને તરીને સિદ્ધગતિને પામે છે.

## અધ્યયન – ૧૬ : વિમુકિત

આ અધ્યયનમાં બંધન–મુકિત માટેના ઉપાયોનું નિરૂપણ છે.

જીવ જયાં જન્મ ધારણ કરે છે, જેની સાથે રહે છે, જે વસ્તુ ભોગવે છે તે સ્થાન, સંબંધો, વસ્તુઓ અને સ્વયં પોતાનું શરીર આદિ સર્વ અનિત્ય છે, ક્ષણિક છે, નશ્વર છે, તેથી સાધુ સર્પની કાચળીની જેમ તેનો મોહ છોડીને તેનો ત્યાગ કરે અને શાશ્વત આત્માની શુદ્ધિ માટે, પૂર્વકૃત કર્મોનો નાશ કરવા માટે પુરૂષાર્થ કરે. કર્મના ઉદયને જ્ઞાતા–દૃષ્ટા ભાવે સમભાવે ભોગવી લેવા તે જ સંવરનો અને બંધન–મુકિતનો માર્ગ છે.

# શ્રી આગમ સૂત્ર

### ❖ અંગસૂત્ર-૧૧ ❖

૧) શ્રી આચારાંગ સૂત્ર
૨) શ્રી સૂત્રકૃતાંગ સૂત્ર
   શ્રી સૂયગડાંગ સૂત્ર
૩) શ્રી સ્થાનાંગ સૂત્ર
   શ્રી ઠાણાંગ સૂત્ર
૪) શ્રી સમવાયાંગ સૂત્ર
૫) શ્રી વ્યાખ્યાપ્રજ્ઞપ્તિ સૂત્ર
   શ્રી ભગવતી સૂત્ર
૬) શ્રી જ્ઞાતાધર્મકથાંગ સૂત્ર
૭) શ્રી ઉપાસકદશાંગ સૂત્ર
૮) શ્રી અંતકૃતદશાંગ સૂત્ર
   શ્રી અંતગડ સૂત્ર
૯) શ્રી અનુત્તરોપપાતિક સૂત્ર
   શ્રી અનુત્તરોવવાઈ સૂત્ર
૧૦) શ્રી પ્રશ્નવ્યાકરણ સૂત્ર
૧૧) શ્રી વિપાક સૂત્ર

શ્રી દૃષ્ટિવાદ સૂત્ર
(ઉપલબ્ધ નથી)

### ❖ ઉપાંગસૂત્ર-૧૨ ❖

૧૨) શ્રી ઔપપાતિક સૂત્ર
   શ્રી ઉવવાઈ સૂત્ર
૧૩) શ્રી રાજપ્રશ્નીય સૂત્ર
   શ્રી રાયપસેણીય સૂત્ર
૧૪) શ્રી જીવાજીવાભિગમ સૂત્ર
૧૫) શ્રી પ્રજ્ઞાપના સૂત્ર
   શ્રી પન્નવણા સૂત્ર
૧૬) શ્રી જંબૂદ્વીપ પ્રજ્ઞપ્તિ સૂત્ર
૧૭) શ્રી ચંદ્રપ્રજ્ઞપ્તિ સૂત્ર
૧૮) શ્રી સૂર્યપ્રજ્ઞપ્તિ સૂત્ર
૧૯) શ્રી નિરયાવલિકા સૂત્ર
૨૦) શ્રી કલ્પવતંસિકા સૂત્ર
   શ્રી કપ્પવડંસિયા સૂત્ર
૨૧) શ્રી પુષ્પિકાસૂત્ર
   શ્રી પુપ્ફિયા સૂત્ર
૨૨) શ્રી પુષ્પચૂલિકાસૂત્ર
   શ્રી પુપ્ફચૂલિયા સૂત્ર
૨૩) શ્રી વૃષ્ણિદશા સૂત્ર
   શ્રી વહ્નિદશા સૂત્ર

### ❖ મૂળસૂત્ર-૪ ❖

૨૪) શ્રી ઉત્તરાધ્યયન સૂત્ર
૨૫) શ્રી દશવૈકાલિક સૂત્ર
૨૬) શ્રી નંદી સૂત્ર
૨૭) શ્રી અનુયોગદ્વાર સૂત્ર

### ❖ છેદસૂત્ર-૪ ❖

૨૮) શ્રી નિશીથ સૂત્ર
૨૯) શ્રી દશાશ્રુતસ્કંધ સૂત્ર
૩૦) શ્રી બૃહત્કલ્પ સૂત્ર
૩૧) શ્રી વ્યવહાર સૂત્ર

૩૨) શ્રી આવશ્યક સૂત્ર

**પ્રકાશક**

શ્રીમતી સોનલબેન યોગેશભાઈ અજમેરા    શ્રીમતી પારૂલબેન કેતનભાઈ અજમેરા
શ્રીમતી સ્મિતાબેન મિલનભાઈ અજમેરા

**સૌજન્ય**

અમ આત્મશુદ્ધિના પ્રેરક, શ્રદ્ધા-ધ્યાન માર્ગના માર્ગદર્શક તથા અમ કલ્યાણમિત્ર પૂ. પિતાશ્રી સ્વ. રસિકલાલ ચંદુલાલ અજમેરાની સ્મૃત્યર્થે
માતુશ્રી વિજયાબેન રસિકલાલ અજમેરા
સુપુત્રોઃ સ્વ. શ્રી યોગેશભાઈ રસિકલાલ અજમેરા
શ્રી કેતન રસિકલાલ અજમેરા    શ્રી મિલન રસિકલાલ અજમેરા
શ્રીમતી હિના નિમેષ કોઠારી

**પ્રાપ્તિ સ્થાન**

શ્રી મિલન અજમેરા
૧૦૦૧, જુહુ અંકુર, ગુલમોહર ક્રોસ રોડ નં. ૧૦, જેવીપીડી સ્કીમ,
સુજય હોસ્પીટલની સામે, મુંબઈ - ૪૦૦ ૦૪૯. Mob.: 9322401398

શ્રી બકુલભાઈ કોઠારી
બકુલ ઓપ્ટીકલ્સ,
૨૦, ન્યૂ જાગન્નાથ મેઈન રોડ,
રાજકોટ, Mob.: 9824312269

પાવનધામ
BCCI ગ્રાઉંડ પાસે, પાવનધામ માર્ગ,
કાંદીવલી (વેસ્ટ), મુંબઈ ૪૦૦ ૦૬૭
Mob.: 93230 04544/9619596869

પરમ પ્રિંટર્સ - 9825193988

◆ કિંમતઃ રૂ. ૩00/-    ◆ શ્રુત સેવાર્થે કિંમત રૂ. ૧૦૦/-